



## પક્ષીઓએ પણ વરસાદી ઝાપટા ભીજાઈ ગરમીથી હાશકારો મેળવ્યો

ધાનેરા સહીત અનેક વિસ્તાર માં ભારે ઉકળાટ બાદ વરસાદી ઝાપટું આવ્યું હતું તો બીજી તરફ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠેલા પશુ અને પક્ષીઓએ પણ વરસાદી ઝાપટા ભીજાઈ ગરમીથી હાશકારો મેળવ્યો હતો. ધાનેરા સહીત અનેક વિસ્તાર માં છેલ્લા ઘણા દિવસ થી અસહય ગરમી પડી રહી હતી લોકો પણ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા ત્યારે ગઈ કાલે અને આજે વાતાવરણ માં અચાનક પલટો આવ્યો હતો અને આકાશ એકદમ કાળા ડિબાંગ વાદળો થી ઘેરાઈ ગયું હતું અને ગાજવીજ સાથે ધાનેરા સહીત અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટા આવતા લોકોએ ગરમીથી હાશકારો મેળવ્યો હતો ગરમીથી લોકો ની સાથે સાથે અબોલ પશુ અને પક્ષીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા લોકો તો ગરમીથી બચવા માટે અનેક ઉપાયો અપનાવી રહ્યા હતા પરંતુ અબોલ પશુ અને પક્ષીઓ નું શું ? ત્યારે આજે બપોર ના સમયે વરસાદી ઝાપટા આવતા પશુ અને પક્ષીઓ પણ ગરમીથી બચવા માટે વરસાદી ઝટપ માં ભીજાય હતા અને ગરમીથી હાશકારો મેળવ્યો હતો પક્ષીઓ ગરમીથી બચી વરસાદી ઝાપટા માં ભીજાઈ રહ્યા તે સમય ના તમામ દર્શ્યો કેમેરામાં કેદ થઈ જવા પામ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં વાતાવરણમાં પલટો, વાદળછાયા વાતાવરણથી આંશિક રાહત : માવઠાની દહેશત

મોડાસા, તા. ૧૬

ઉનાળાની શરૂઆત થતાની સાથે અસહ્ય ગરમી અને એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી પડતાં અરવલ્લી જીલ્લાના પ્રજાજનો અકળાઈ ઊઠયા છે. આકાશમંથી આગના ગોળા વરસતા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. મોડાસા શહેર સહીત જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૧ થી ૪૨ ડિગ્રીએ પહોંચી જતાં લોકો ત્રાહીમામ પોકારી હતા ત્યારે વાતાવરણમાં એકાએક પલટો આવતા વાદળછાયા વાતાવરણના પગલે જીલ્લાવાસીઓએ આંશિક રાહત અનુભવી હતી. આકાશે વાદળો ગોરંભાતાં કમોસમી માવઠાની દહેશત પેદા થતા ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ હતી.



સોમવારે સવારથી અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં પલટો આવતા અને આકાશે કાળા ડિબાંગ વાદળો છવાતા કમોસમસી વરસાદની શક્યતાના પગલે ધરતી પુત્રો બદલાતા વાતાવરણના પગલે ચિંતિત બન્યા છે. એક તરફ હજુ અનેક વિસ્તારોમાં ઘઉં લેવાની સિઝન ચાલુ છે તેવા સમયે માવઠું થશે તો ખેડૂતોને મોટું નુકસાન સહન કરવાનો વારો આવી શકે તેમ હોવાનું કૃષિ તજજ્ઞો જણાવી રહ્યા છે. જીલ્લાના ખેતરોમાં એરંડાનો પાક પણ તૈયાર થઈ પડ્યો છે ત્યારે કુદરતની કરામત વધુ એકવાર ખેડૂતો માટે આફતરૂપ બની શકે છે. દિવસભર સતત વાદળછાયા વાતાવરણના પગલે ગરમીમાં આંશિક રાહત અનુભવતા પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# તલોદ-કેશરપુરા માર્ગ હવે ગોઝારો અકસ્માત નોતરશે

તલોદ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદ નગરને સાંકળતો તલોદ-મહિયલ-સચેતાનગર-કેશરપુરાવાળો નવો ડામરરોડ નજીકના ભવિષ્યમાં જ ભારે જીવલેણ અકસ્માત નોતરશે તેવી દહેશત પેદા થઈ છે. તાજેતરમાં જ સીંગલ પટ્ટીમાં બનાવેલ આ રોડની બંને સાઈડોમાં પુરાણ નહિ કર્યુ હોવાથી ક્યાંક-ક્યાંક જમીનથી અડધો ફૂટ, એક ફૂટ તો ક્યાંક અનેક ફૂટ રોડની સાઈડો ઊંચી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ ભારે આપદાનો ભોગ બનતાં ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્ય સરકારનું બેજવાબદારી દાખવતું મનાતું માર્ગ અને મકાન તંત્ર અહીં ગોઝારો જીવલેણ અકસ્માત થશે ત્યારબાદ જ જાગશે અને રોડની સાઈડોમાં પુરાણ કરશે તેમ જણાય છે.

મહિયલ-તલોદને સાંકળતો તલોદની બહેરા-મૂંગા શાળા નજીકથી શરૂ થતો અને તલોદ-ઉજેડીયા રોડ ઉપરના કેશરપુરાને સાંકળતો માત્ર એકાદ કિલોમીટરના અંતરનો રોડ ઘણા સમયથી ખખડધજ બની જતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ગયા હતા. આ રોડમાર્ગનું નવિનીકરણ કરવા અનેક રજૂઆતો લાંબા સમયથી કરવામાં આવી હતી. ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે પણ કેટલાક મહિના પહેલાં આ રોડ માર્ગ અંગે સફળ રજૂઆત



કરી હતી. પરંતુ રોડના નવનિર્માણનું કામ કોઈ અગમ્ય કારણોસર શરૂ થયું ન હતુ. જેની લાંબા સમયથી વાહનચાલકો અને રાહદારીઓ રાહ જોઈ રહ્યા હતા. તાકડે લોકસભાની ચૂંટણી નજીક આવતાં જ પ્રજાને જાણે કે લલચાવવા તંત્ર દ્વારા ફટાફટ રોડ માર્ગનું નિર્માણ કામ આરંભીને આટોપી દેવામાં આવ્યું. જેથી રોડનું બાંધકામ પણ તદન તકલાદી હોવાનુ મનાઈ રહ્યું છે. તાબડતોબ ચૂંટણી પહેલાં આ રોડ બનાવી દેવાનો નિર્ણય અમલમાં મુકતાં જ બનેલો તકલાદી ડામર રોડ લાગે છે કે આવનાર ચોમાસામાં જ પોતાનું અસ્તિત્વ ગુમાવી દેશે અને ફરી એકવાર અહીં સારા રોડ માર્ગની સુવિધા છિનવાઈ જશે અને પ્રજાની હૈયાહોળી સળગતી જ રહેશે.

તલોદ-કેશરપુરાવાળા આ માત્ર એકાદ કિમીના આ રોડમાર્ગની ઉપયોગીતા ઘણી બધી છે જે રોડની આજુબાજુ રોડની પહોળાઈ લગભગ ડબલ થાય તેટલી જગ્યા પણ છે તેમ છતાં માત્ર ને માત્ર રોડની બૂમરાણ ઉપર ઠંડુ પાણી રેડી દેવાય છે. તાજેતરમાં આ તકલાદી, અલ્પ આયુવાળુ અને વાહનોની અવરજવર માટે અત્યંત જોખમી રોડનું કામ પતાવી દેવામાં આવ્યુ હોય તેમ સ્પષ્ટ ભાસી રહ્યું છે.

# બોગસ શિક્ષક ભરતી કૌભાંડમાં ૩૬ શિક્ષકોના જામીન ના મંજુર

## ઈડરની બે કોર્ટમાં જામીન માટે શિક્ષકોએ અરજી કરી હતી : કૌભાંડની તપાસ સીઆઈડી ક્રાઈમ ચલાવી રહી છે

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠાંમાં વર્ષ ૨૦૧૪માં જિલ્લાના ઈડર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં આવેલી કેટલીક માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરવામાં આવતી હતી. ત્યારે જિલ્લા શિક્ષણાધિકારી અને બે ક્લાર્કોની મિલીભગતને લઈને ૩૬ શિક્ષકોની ભરતી કરાઈ હતી. પરંતુ આ શિક્ષકોએ રજુ કરેલા ખોટા દસ્તાવેજોની તપાસ થતા કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને આ ૩૬ શિક્ષકો વિરૂદ્ધ વર્ષ ૨૦૧૫માં જિલ્લાના ત્રણ પોલીસ સ્ટેશનોમાં ફરીયાદ નોંધાઈ હતી. જેને લઈને આ શિક્ષકોએ બે માસ અગાઉ આગોતરા જામીન લેવા માટે ઈડરની કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. પરંતુ બે ન્યાયાધીશોએ ૩૬ શિક્ષકોના જામીન ના મંજુર કરતા ગમે ત્યારે સીઆઈડી ક્રાઈમ તેમની ધરપકડ કરી શકશે.

આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૧૪માં ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષકોની ભરતીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સાબરકાંઠાની ખાનગી શાળાઓને સરકાર તરફથી આપવામાં આવતી ગ્રાન્ટ અન્વયે પગાર ગ્રાન્ટ એ નિભાવ ગ્રાન્ટના હેડે રકમ ચુકવવાની જોગવાઈ કરાઈ હતી. જોકે તત્કાલીન સમયે જે શિક્ષકોની ભરતી થી હોય તેમનો પગાર સરકારી ગ્રાન્ટમાંથી ચૂકવવામાં આવતો હતો.

તો બીજી તરફ સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની માતૃશ્રી એન.એસ. વાઘેલા ઉચ્ચત્તર માધ્યમિક શાળા, ગુંદેલની માતૃશ્રી સી.એસ. બ્રહ્મભટ્ટ હાઈસ્કૂલ તથા અન્ય એક શાળામાં તત્કાલિન સમયે ૩૬ શિક્ષકોની ખોટી રીતે ભરતી કરાઈ હતી. જેમાં સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી તથા અન્ય બે ક્લાર્કની ભૂંડી ભુમિકા હતી. જે અંગેના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ તા. ૧૫-૧૧-૧૪ના રોજ ખેડબ્રહ્મા, ઈડર અને ખેરોજ પોલીસ સ્ટેશનમાં શિક્ષકો તથા જિલ્લા શિક્ષણાધિકારી અને બે ક્લાર્ક વિરૂદ્ધ ફરીયાદ નોંધાઈ હતી.

બીજી તરફ આ કૌભાંડનો પર્દાફાશ થયા બાદ આ ૩૬ શિક્ષકોએ હાઈકોર્ટમાં અરજી કરી કાર્યવાહી પર મનાઈ હૂકમ મેળવ્યો હતો. પરંતુ ગમે તે કારણસર આ શિક્ષકોએ હાઈકોર્ટમાંથી અરજી પાછી ખેંચી લેતા તેની તપાસ સ્ટેટ સીઆઈડી ક્રાઈમને સોંપાઈ હતી. જેમાં તપાસનીશ અધિકારી ડીવાયએસપી બી.એમ. શાક તથા પીઆઈ રાકેશ દલસાડીયા ચલાવી રહ્યા છે. દરમિયાન હાઈકોર્ટમાંથી અરજી પાછી ખેંચી લીધા બાદ આ ૩૬ શિક્ષકોએ ગત તા. ૨૧-૨-૨૦૧૯ના રોજ આગોતરા જામીન માટે ઈડર કોર્ટમાં અરજી કરી હતી.

જેની સુનાવણી શુક્રવારે થતા ઈડર સેસન્સ કોર્ટના ન્યાયાધીશ કે.એ. પઠાણ તથા એ.એમ. પરમાર સમક્ષ સરકારી વકીલ પ્રણવ સોનીની ધારદાર દલીલો અને દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં રાખી આ ૩૬ શિક્ષકોની જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો હતો. જેને લઈને આગામી દિવસોમાં સીઆઈડી ક્રાઈમ આ કૌભાંડી શિક્ષકોની ગમે ત્યારે ધરપકડ કરી શકશે એમ સીઆઈડી ક્રાઈમના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યુ છે.



## વડગામ તાલુકામાં બપોરના અચાનક વાતાવરણમાં પલટો

વડગામ તાલુકામાં બપોરના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતાં કાળઝાળ ગરમીમાં લોકોને રાહત થવા પામી છે. ઉનાળામાંની શરૂઆત થતાં જ સૂર્યદેવના પ્રકોપથી લોકો તોબા પોકારી ઊઠયા છે. ત્યારે સોમવારે બપોરના અચાનક વાતાવરણમાં પલટો આવતાં દિવસ દરમિયાન રેતીની ડમરીઓ ઉડવાની સાથે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા જેના કારણે કાળઝાળ ગરમીમાં રાહત થઈ હતી. લોકોમાં ટાઢક પ્રસરી હતી. કાળા ડીબાંગ વાદળોથી ઘેરાતાં ધરતીનો તાત્કાલિક ચિંતાતુર બન્યો હતો. આમ અચાનક વાતાવરણમાં પલટો આવતાં દિવસ દરમિયાન ગરમીમાં રાહત થઈ હતી.

# અમીરગઢ તાલુકા પંચાયતના બે પૂર્વ સદસ્યોએ ભાજપનો ખેસ ધારણ કર્યો

અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ખાતે બિરાજમાન શ્રી મુનિજી મહારાજની પાવન ભૂમિ પર ભાજપનું માલધારી સંમેલન યોજાયું હતું. જેમાં અમીરગઢ તાલુકા પંચાયતના બે પૂર્વ સદસ્યો સહિત કોંગ્રેસના આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

બનાસકાંઠા જીલ્લા ભાજપના પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, બનાસકાંઠા લોકસભા સીટના ઈન્ચાર્જ રાણાભાઈ દેસાઈ અને બનાસકાંઠા જીલ્લા ભાજપના મહામંત્રી અમૃતભાઈ દવેની ઉપસ્થિતિમાં અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન, બનાસ ડેરીના વાઈસ ચેરમેન અને બનાસ મેડિકલ કોલેજના પ્રમુખ માવજીભાઈ દેસાઈની આગેવાનીમાં અમીરગઢ તાલુકાના બાલુન્દ્રા ગામે ભાજપનો માલધારી સંમેલન યોજાયું હતુ. જેમાં અમીરગઢ તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય જેઠાભાઈ લોઢા (જેથી) તેમજ પૂર્વ સદસ્ય અને કપાસિયા ગામના સરપંચ પ્રભુભાઈ રબારી સહિત કોંગ્રેસના આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકાર દ્વારા માલધારી સમાજ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકીને માલધારી સમાજના ઉત્થાન માટે કાર્ય કરી રહી છે. ત્યારે માલધારી સમાજે પણ લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ ભાજપ તરફી મતદાન કરી કરાવી બીજી વખત નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન બનાવવા કામે લાગી જઈ ઋણ ચુકવવુ જોઈએ તેમ માલધારી સમાજના આગેવાન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું.

# પ્રાંતિજ સહિત તાલુકા વાતાવરણમાં પલટો, પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ સહિત તાલુકામાં પણ વાતાવરણમાં પલટો આવતાં અચાનક તેજ પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી તો વરસાદી છાંટા પડતા ઉભા પાકને ધરતી પુત્રોમાં નારાજગી પ્રવર્તી હતી.

જીલ્લા સહિત તાલુકામાં છેલ્લા બે દિવસથી વાતાવરણ પલટો આવ્યો છે તો આજે ફરી બપોર બાદ અચાનક વાતાવરણ માં પલ્ટો આવતા વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યુ હતું. અચાનક તેજ પવન ફૂંકાયો હતો અને ધૂળની ડમરીઓ ઊડતા લોકોના ઘરોમાં સહિત દુકાનોમા ધૂળ ધૂળ થઈ ગઈ હતી. તેજ પવન ફુંકાતા રોડ ઉપર તથા બજાર વિસ્તારમા લગાવવામાં આવેલ રોર્ડીગ્સ પડવાના બનાવો બન્યાં હતા. તેજ પવન ફુંકાવાની સાથે જ વિજળી પણ ડુલ થઈ ગઈ હતી. વિજળી ગાજવીજ સાથે સાથે વરસાદી છાંટા પડતા ખેતરોમાં તૈયાર થયેલ પાકને લઈને ધરતીપુત્રોમાં નારાજગી જોવા મળી હતી. છાંટા પડતા પ્રાંતિજ સહિત તાલુકામાં અસહ્ય ગરમીનો પારો નીચો ગયો હતો.







## ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં કમોસમી ગાજવીજ સાથે વરસાદ, એકનું મોત

ખેડબ્રહ્મા વાવાઝોડું રૌદ્ર સ્વરૂપ માં અચાનક સવારે અને સાંજે વાવાઝોડા સાથે વરસાદનું રૌદ્ર સ્વરૂપ સામે આવ્યું છે. કડાકા અને વીજળી સાથે પવનની ગતિ એકદમ વધી ગઈ છે. જેમાં વરસાદ અને વાવાઝોડાના જોરમાં નાગરિકો હેબતાઈ ગયા છે. ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાઈ ગયો છે. ખેડબ્રહ્મા તાલુકાના સહિત ના ગામોમાં મંગળવારે સવારે ચોમાસા જેવું વાતાવરણ બન્યું છે. જેમાં અચાનક સવાર થીજ સજોરદાર વીજળી અને કડાકા શરૂ થઈ ગયા હતા. વાવાઝોડાનું જોર અને વરસાદથી ખેડુતો ના હોંશ કોશ ઉડી ગયા હતા હાથ માં આવેલ કોળીયો છીનવાઈ જાય તેવી ભીતિ સેવાઈ હતી. વ્યાપારીઓ, ખેડૂતો અને રાહદારીઓમાં દોડધામ વધી ગઈ છે. ભર ઉનાળે ભયંકર વાવાઝોડા સાથે વરસાદથી ચોમાસા જેવો માહોલ બની ગયો છે. ખુલ્લામાં પડેલું અનાજ અને ચીજવસ્તુઓને બચાવવા ધમાચકડી મચી ગઈ છે. વાવાઝોડું અને વરસાદ સરેરાશ સતત ચાલુ હોવાથી જ્યાં લગ્ન ના શામીયાણા બંધાયા હતા એ લોકો ના જીવ પડીકાં બંધાયા હતા.